# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/ક્વા-૪/૧૯-૨૦/૧૭૮૭-૫** **તા.૧૨.૦૩.૨૦૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૨૬/ક્વા-૪/૧૯-૨૦**

| | |
|---|---|
| અરજદાર: | રાજેશ એમ. ગોંડલીયા , ગામ - શાપર  સબડીવીઝન : પારડી |
| રજૂઆત કરનાર: | અરજદાર શ્રી મનસુખભાઈ પી. ગોંડલીયા અને શ્રી રાજેશભાઈ એમ. ગોંડલીયા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રી એલ.કે. પરમાર- પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય |

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૦૪-૦૩-૨૦૨૦ (બુધવાર ) |

૧.૦ સદર કેસની સુનાવણી ૦૪-૦૩-૨૦૨૦ (બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, - અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નં ૩૧૪૧૦/૦૧૩૩૪/૨ થી મનસુખભાઈ પ્રેમદાસ ગોંડલીયાના નામે લીધેલ હતું જેનું વિજ બીલ નિયમિત ભરપાઈ કરેલ છે. માહે ઓગ.-સપ્ટે. ૨૦૧૬ ના બીલમાં પાછલું રિડિંગ ૯૩૨ હતું જયારે હાલનું રીડીંગ મિટર રિડર દ્વારા જણાવેલ તે મુજબ ૪૫૦૩ હતા અને મીટર માં ફોલ્ટ છે જેથી નજીકની ઓફિસમાં રજૂઆત કરતા સદર મીટર બદલાવી નવું મીટર લગાડી આપેલ ત્યાર બાદ વીજ બીલ મે-જુન. ૨૦૧૮ માં રૂ. ૨૭૦૦૩.૨૮ ની રકમનું આપેલ જેથી સદર બાબતે પીજીવીસીએલ ની ઓફિસે તપાસ કરતા જણાવેલ કે જુનું મીટર લેબોરેટરીમાં બરાબર હોય જેથી જુના મીટરના છેલા રીડીંગ મુજબ વીજ બીલ આપેલ છે.

અરજદારે જણાવેલ કે તેઓના ઘર વપરાશ માટે એવા કોઈ ઇલેક્ટ્રિક સાધનો નથી જેથી વધુ બીલ આવે. આમ આપવામાં આવેલ બીલ અયોગ્ય છે તેમ જ મીટર લેબોરેટરીમાં ટેસ્ટ થયું ત્યારે કોઈ પણ જાણ કરવામાં આવેલ નથી. સદર બાબતે અલગ-અલગ પારડી – લોધિકા અને રાજકોટ ની ત્રિકોણ બાગ પાસે આવેલ ઓફિસ માં મહિતી મેળવાનો પ્રયાસ કરેલ પરંતુ કોઈ ન્યાય મળેલ નથી જેથી અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે ગ્રાહક શ્રી રાજેશભાઇ એમ.ગોંડલીયા ની તેઓના ઘરવપરાશના વીજજોડાણ ગ્રાહક નંબર ૩૩૪૧૦/૦૧૩ ૩૪/૨ માં ઓગષ્ટ–સપ્ટેમ્બર–૧૬ ના બિલ બાદ મીટર બદલાવ્યા પછી મે–જુન–૨૦૧૬ મા વધારે બિલ આપવામાં આવેલ હોય તે અંગે યોગ્ય કરવા અંગેની તેઓની અરજી અત્રેની કચેરીને મળેલ છે જેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.

અરજદાર શ્રી રાજેશભાઇ એમ.ગોંડલીયા આદર્શ સોસાયટી, A-18-B મકાનમાં પાળ પીપળીયા મુકામે તેઓના પિતાશ્રી મનસુખભાઇ પ્રેમદાસભાઇ ગોંડલીયાના નામે ગ્રાહક નંબર ૩૩૪૧૦/૦૧૩૩૪/૨ થી ઘરવપરાશનું વીજજોડાણ ધરાવતા હતા.સદર ગ્રાહકનું મીટર ઓગ–સપ્ટે–૧૬ માં ફોલ્ટી જણાતા લોધિકા પેટા વિભગીય કચેરી દવારા ૯૩૨ થી ૯૩૨ રીડીંગ મુજબ એવરેજ ૩૦ યુનિટનું બિલ આપવામાં આવેલ અને ત્યારબાદ તા.૨૧.૧૦.૧૬ ના રોજ ગ્રાહકનું મીટર બદલવામાં આવેલ હતુ.જે મીટર લેબરેટરીમાં ચકાસણી થયેલ ન હોય ઓકટા–સપ્ટે–૧૬ ના બિલમાં મીટરચેઇન્જ ની એન્ટ્રી સમયે પણ જુના મીટરના રીડીંગ ઉપલબ્ધ ન હોય ૯૩૨ મુજબ જ એન્ટ્રી લેવામાં આવેલ હતી.

ત્યારબાદ અરજદારને પત્ર નં–૨૬૦ તા.૨૩.૧.૧૭ થી મીટરની ચકાસણી માટે લેબોરેટરીમાં હાજર રહેવા માટે ત્રણ તારીખ આપવામાં આવેલ હતી જે મુજબ તા.૪.૨.૧૭ ના રોજ અરજદારનું મીટર લેબોરેટરીમાં ચકાસતા લેબ રીપોર્ટ મુજબ મીટર ok જણાયેલ હતું અને છેલ્લા રીડીંગ ૫૦૦૨ માલુમ પડેલ આથી તફાવતના ( લેબ મુજબ રીડીંગ ૫૦૦૨ – ઓગ–સપ્ટે–૧૬ ના છેલ્લા રીડીંગ ૯૩૨ ) ૪૦૭૦ યુનિટ ના રૂ.૨૬૫૪૯.૮૧ અરજદારના ખાતે ડેબિટ કરવાના થાય પરંતુ આ સમયગાળા દરમ્યાન લોધિકા પેટા વિભાગીય કચેરીના બાયફરગેશન ની પ્રકિયા ચાલુ હોય લોધિકા પેટા વિભાગીય કચેરી દવારા આ તફાવતના યુનિટની રકમ અરજદાર ખાતે ડેબિટ ન કરેલ હોય ડિસેમ્બર–૧૭ માં પારડી પેટા વિભાગીય કચેરી અસ્તિત્વમાં આવતા મે–જુન–૧૮ માં પારડી પેટા વિભાગીય કચેરી દવારા આ તફાવતના ૪૦૭૦ યુનિટ અને રૂ.૨૬૫૪૯.૮૧ અરજદાર ના ખાતે ઉધારવામાં આવેલ છે જે રકમ અરજદારે ભરપાઇ ન કરતા તેઓનું વીજજોડાણ પારડી પેટા વિભાગીય કચેરી દવારા કાયમી ધોરણે રદ કરવામાં આવેલ અને લેણી રકમની વસુલાત માટે અરજદારને લોકઅદાલત માં સમાધાન માટેની નોટિસ આપવામાં આવેલ હતી.

આમ, અરજદારના ખાતામાં મે–જુન–૧૮ માં ઉધારવામાં આવેલ રકમ લેબ રીપોર્ટ મુજબ તફાવતના યુનિટની હોય અરજદારે ભરવાપાત્ર છે. આ સાથે અરજદારને લેબમાં હાજર રહેવા માટે લખેલ પત્ર, લેબ રીપોર્ટ,અરજદારના ખાતે ઉધારેલ રકમની એડજેસ્ટમેન્ટ એન્ટ્રીની નકલ અને લેઝરશીટની નકલ **રજુ કરેલ** છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી રાજેશભાઇ એમ. ગોંડલીયા આદર્શ સોસાયટી, A-18-B મકાનમાં પાળ પીપળીયા મુકામે તેઓના પિતાશ્રી મનસુખભાઇ પ્રેમદાસભાઇ ગોંડલીયાના નામે ગ્રાહક નંબર ૩૩૪૧૦/૦૧૩૩૪/૨ થી ઘરવપરાશનું વીજજોડાણ ધરાવતા હતા.

૪.૨ ઓગ–સપ્ટે–૧૬ માં મીટર ફોલ્ટી જણાતા લોધિકા પેટા વિભગીય કચેરી દવારા ૯૩૨ થી ૯૩૨ રીડીંગ મુજબ એવરેજ ૩૦ યુનિટનું બિલ તા.૧૫.૧૦.૧૬ ના રોજ આપવામાં આવેલ ત્યારબાદ તા.૨૧.૧૦.૧૬ ના રોજ ગ્રાહકનું મીટર બદલવામાં આવેલ હતુ.**ચેકિંગ રીપોર્ટ નં.RRD03૯૮૭ મુજબ પંખો અને બલ્બ નો કુલ લોડ ૧૩૮વોટ દર્શાવેલ છે અને પ્રો-ફોમા-૧૫ મુજબ જુના અને નવા મીટરની વિગત નીચે મુજબ છે.**

| Particulars | Old Meter Dt.21.12.16 | New Meter Dt.21.12.16 | Old Meter-As per MT Lab Dt.04.02.17 |
|---|---|---|---|
| **Make** | Genus | Eppeltone | Genus |
| **Meter No** | 1211926 | 2873074 | 1211926 |
| **Capacity** | 5-30A | 5-30A | 5-30A |
| **C. Reading** | 932 | 1 | 5002 |

**મીટર ટેસ્ટીંગ લેબોરેટરીના રીપોર્ટ તા.૦૪.૦૨.૨૦૧૭ મુજબ નોંધાયેલ રીડીંગ ૫૦૦૨ મુજબ (૫૦૦૨-૯૩૨) ૪૦૭૦ યુનિટ નું બીલ ગ્રાહકના ખાતામાં તા.૨૮.૦૫.૨૦૧૮ ના રોજ ડેબીટ કરવામાં આવેલ.**

૪.૩ **અરજદારના સદર વીજ જોડાણમાં થયેલ વીજ વપરાશ PRT-૧૪૫ મુજબ નીચે મુજબ નોંધાયેલ છે.**

| Month/ Year | 2014 | | | 2015 | | | 2016 | | | 2017 | | | 2018 | | | 2019 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit |
| Dec,Jan | 212 | | 211 | 613 | | 31 | 852 | | 11 | 53 | | 16 | 246 | | 17 | 544 | | 0 |
| Feb,Mar | 251 | | 39 | 613 | L | 60 | 881 | | 29 | 96 | | 43 | 277 | | 31 | 544 | | 0 |
| Apr,May | 341 | | 90 | 720 | | 107 | 895 | | 14 | 114 | | 18 | 346 | | 69 | 544 | X | 0 |
| Jun,Jul | 432 | | 91 | 787 | | 67 | 932 | | 37 | 156 | | 42 | 446 | | 100 | 544 | X | 0 |
| Aug,Sep | 502 | | 70 | 835 | | 48 | 932 | F | 30 | 188 | | 32 | 537 | | 91 | 544 | X | 0 |
| Oct, Nov | 582 | | 80 | 841 | | 6 | 37 | C | 36 | 229 | | 41 | 537 | | 0 | 544 | X | 0 |
| **Average** | | | **97** | | | **53** | | | **26** | | | **32** | | | **51** | | | **0** |

૪.૪ ઉપરોક્ત મુદદા નં. ૪.૨ **અને** ૪.૩ મુજબ **–અરજદારનો જોડેલ કુલ લોડ ૧૩૮ વોટ પ્રમાણે સવાલવાળું વીજ મીટર બદલ્યા પહેલા અને પછીના વર્ષમાં સરેરાશ વીજ વપરાશ અનુક્રમે ૫૩ યુનિટ અને ૩૨ યુનિટ નોંધાયેલ છે. પ્રો-ફોમા-૧૫ મુજબ સવાલવાળું વીજ મીટર બદલેલ ત્યારે છેલ્લા રીડીંગ ૯૩૨ બતાવેલ છે. અરજદારને સવાલવાળા મીટરની ચકાસણી માટે મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં હાજર રહેવા માટેની નોટીસ અરજદારને મળેલ હોય તેના કોઈ પુરાવા રજુ કરેલ નથી. તેમજ સવાલવાળા મીટરના લેબ રીપોર્ટ મુજબ મીટર બરાબર છે જેમાં અરજદારની સહી લીધેલ નથી કે બીજી કોઈ વિશેષ નોંધ થયેલ નથી.**

૪.૫ સદર કેઈસ મા, **સવાલવાળા મીટરના લેબ રીપોર્ટ મુજબ જણાયેલ મીટરના રીડીંગ મુજબ ૫૦૦૨-૯૩૨= ૪૦૭૦ યુનિટ નું બીલ ગ્રાહકને ૫૦૦૨-૯૩૨) ૪૦૭૦ યુનિટ ના બીલની રકમ ગ્રાહકને મેં-જુન-૨૦૧૮ના બીલમાં**

અગાઉના પેન્ડીંગ યુનિટ નું બીલ રૂ.૨૬૫૪૫.૨૮ આકારણી કરેલ છે. જે બાબતની વિગતવાર પુરવણી બીલ ની નોટીસ અરજદારને પાઠવવામાં આવેલ નથી. જે રકમ અરજદારના ખાતામાં તા.૨૮.૦૫.૨૦૧૮ ના રોજ સીધાજ ડેબીટ કરવામાં આવેલ છે. અરજદારનું સદર વીજ જોડાણમાં વીજ બીલની તકરારી રકમ બાકી રહેતા વીજ બીલ એપ્રિલ-મેં-૨૦૧૯ ના બિલથી "x" સ્ટેટસ માં કરેલ છે.

વીજ ગ્રાહકના વીજ મીટરના ના જે તે સમયના સાચા વાસ્તવિક રીડીંગ લેવાની ફરજ સામાવાળાના મીટર રીડરની હોય છે. તેમજ સામાવાળા દ્વારા સમયાંતરે મીટર રીડીંગ નું ક્રોસ વેરીફીકેશન કે ચેકિંગ કરાયેલ હોય તેના કોઈ આધાર પુરાવા રજુ કરાયેલ નથી.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ અને ૪.૫ મુજબની વિગતે પ્રો-ફોમા-૧૫(૯૩૨) અને લેબ(૫૦૦૨) રીપોર્ટ મુજબ મીટરના રીડિંગમાં પણ ખુબજ મોટો તફાવત છે. અરજદારના જોડાયેલ વીજ લોડ ની સાપેક્ષમાં આપવામાં આવેલ પેન્ડીંગ ૪૦૭૦ યુનિટ નું બીલ શક્ય ન હોય કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ સદર બીલની રકમ રદ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે. તેમજ અરજદારનું સદર વીજ જોડાણ કાયમી ધોરણે રદ થયેલ હોય વીજ જોડાણ મેળવવા અરજદારે પીજીવીસીએલની સબંધક કચેરીમાં નવેસરથી નીયમાધીન કાર્યવાહી કરવાની રહશે.

૪.૭ સદર કેસમાં ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે. સદર ઓર્ડરની અમલવારીનો રીપોર્ટ ઓર્ડર ની તારીખથી દિવસ-૩૦ માં આપવા પીજીવીસીએલ પક્ષકાર ને જાણ કરવામાં આવે છે.

૪.૮ અરજદારની ફરિયાદનો આ તબ્બકે નિકાલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ- ૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯